# <u>GUJARAT BILL NO. 6 OF  2020.</u>

## THE SMALL CAUSE COURTS LAWS (GUJARAT AMENDMENT) BILL, 2020.

## *A BILL*

*further to amend the Presidency Small Cause Courts Act, 1882 in its application to the City of Ahmedabad and the Provincial Small Cause Courts Act, 1887 in its application to the State of Gujarat.*

**<u>સન ૨૦૨૦નું  ગુજરાત વિધેયક ક્રમાંક: ૬.</u>**

**સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૦.**

**અમદાવાદ શહેરને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ અને ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૮૨ના ૧૫મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.

૨. અમદાવાદ શહેરને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ (જેનો આમાં હવે પછી, "પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૮માં, "દસ લાખ રૂપિયા" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "પચીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા. સન ૧૮૮૨નો ૧૫મો.

સન ૧૮૮૨ના ૧૫મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૩. પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમમાં, કલમ ૨૦માં, "દસ લાખ રૂપિયા" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "પચીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૮૮૨ના ૧૫મા અધિનિયમની કલમ ૨૨નો સુધારો.

૪. પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમમાં, કલમ ૨૨માં, ખંડ (ખ)માં, "દસ લાખ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૮૮૨ના ૧૫મા અધિનિયમની કલમ ૪૧નો સુધારો.

૫. પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમમાં, કલમ ૪૧માં, "દસ લાખ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૮૮૭ના ૯મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

૬. ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭માં, કલમ ૧૫માં, પેટા-કલમ (૩)માં, "દસ લાખ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા. સન ૧૮૮૭નો ૯મો.

નિકાલ બાકી કેસોની તબદીલી.

૭. સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ના આરંભની તરત પહેલા અમદાવાદ શહેર દીવાની કોર્ટમાં અથવા યથાપ્રસંગ, કોઇ ડિસ્ટ્રિક્ટ કોર્ટ (જિલ્લા ન્યાયાલયમાં)માં નિકાલ બાકી હોય તેવા દીવાની પ્રકારના જે દાવાઓ અને કાર્યવાહીઓના વિષયવસ્તુની રકમ અથવા તેનું મૂલ્ય દસ લાખ રૂપિયા કરતાં વધુ સન ૨૦૨૦નો ગુજરાતનો .......

હોય, પણ પચીસ લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા તમામ દાવાઓ અને કાર્યવાહીઓ, આવા આરંભ પછી, જજ, સ્મોલ કોઝ કોર્ટ અથવા યથાપ્રસંગ, સ્મોલ કોઝ કોર્ટના જજની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાં તેમને તબદીલ થશે અને તેનો નિકાલ કરવાનો રહેશે.

## **ઉદ્દેશો અને કારણો**

સન ૨૦૧૫-થી, પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ અને પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭ની વિદ્યમાન જોગવાઇઓ હેઠળ, સ્મોલ કોઝ કોર્ટની દંડવિષયક હકૂમત દસ લાખ રૂપિયા છે. સન ૨૦૨૦માં, સ્મોલ કોઝ કોર્ટના જજ-ના સંવર્ગથી નીચેના સંવર્ગના દીવાની જજની દંડવિષયક હકૂમતમાં પચીસ લાખ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ પાસાને વિચારણામાં લેતાં અને રૂપિયાના ખરીદ મૂલ્યના ઘટાડા અને તાજેતરના સમયમાં સ્થાવર મિલકતના મૂલ્યમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખીને, સ્મોલ કોઝ કોર્ટની આવી હકૂમત દસ લાખ રૂપિયાથી વધારીને પચીસ લાખ રૂપિયા કરવાનું જરૂરી જણાયું છે. વિધેયકની *કલમો ૨,૩,૪,૫,૬* અને *૭*–થી તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ બન્ને અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**પ્રદીપસિંહ જાડેજા,**

## **ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૨૦. **પ્રદીપસિંહ જાડેજા.**

## પુરવણી

## <u>પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ (સન ૧૮૮૨ના ૧૫મા)માંથી ઉતારા.</u>

કયા કયા દાવાની કોર્ટને હકૂમત છે તે.

**૧૮.** કલમ ૧૯માંના અપવાદોને અધીન રહીને, સ્મોલ કોઝ કોર્ટને દીવાની પ્રકારના તમામ દાવાઓનો ઇન્સાફ કરવાની હકૂમત રહેશે-

જયારે વિષય-વસ્તુની રકમ અથવા કિંમત રૂપિયા બે લાખથી વધારે ન હોય, અને-

(ક) સ્મોલ કોઝ કોર્ટની હકૂમતની સ્થાનિક હદની અંદર, પૂર્ણતઃ અથવા અંશતઃ દાવાનું કારણ ઉપસ્થિત થયું હોય અને દાવો માંડતા પહેલાં કોર્ટની પરવાનગી મળી હોય અને એ માટે કારણોની લેખિત નોંધ કરી હોય ત્યારે; અથવા

(ખ) દાવો માંડતી વખતે તમામ પ્રતિવાદીઓ ખરેખર અને સ્વેચ્છાથી એવી સ્થાનિક હદોમાં રહેતા હોય અથવા ધંધો કરતા હોય અથવા કમાવા માટે પોતે કામ કરતા હોય ત્યારે; અથવા

(ગ) દાવો માંડતી વખતે પ્રતિવાદીઓમાંનો કોઇ પ્રતિવાદી ખરેખર અને સ્વેચ્છાથી એવી સ્થાનિક હદમાં રહેતો હોય અથવા ધંધો ચલાવતો હોય અથવા કમાવા માટે પોતે કામ કરતો હોય અને દાવો માંડતા પહેલાં કોર્ટની પરવાનગી મળી હોય અથવા ઉપર જણાવ્યા પ્રમાણે રહેતા ન હોય અથવા ધંધો ચલાવતા ન હોય અથવા કમાવા માટે જાતે કામ કરતા ન હોય તેવા પ્રતિવાદીઓ એવો દાવો માંડવામાં સંમતિ આપતા હોય ત્યારે;

દીવાની પ્રકારના તમામ દાવાઓનો ઇન્સાફ કરવાની હકૂમત રહેશે :

પરંતુ દાવાનું કારણ ઉપર્યુકત સ્થાનિક હદોની અંદર પૂર્ણતઃ ઉપસ્થિત થયું હોય અને દાવો માંડવા માટે પરવાનગી આપવાની કોર્ટ ના પાડે, ત્યારે તેણે એવી ના પાડવાનાં તેનાં કારણો લેખિત જણાવવાનાં રહેશે.

**સ્પષ્ટીકરણ ૧.-** કોઇ દાવામાં બંને પક્ષકારોએ મજરે આપેલી રકમ લેવાનું સ્વીકાર્યું હોય તે રકમ બાદ કરતાં રૂપિયા બે લાખથી વધારે ન હોય, ત્યારે સ્મોલ કોઝ કોર્ટને એવા દાવાનો ઇન્સાફ કરવાની હકૂમત રહેશે.

**સ્પષ્ટીકરણ ૨.-** કોઇ વ્યકિતનો કાયમી વસવાટ એક સ્થળે હોય અને ફકત હંગામી હેતુ માટે બીજા સ્થળે ઉતારો હોય, ત્યારે એવા કામચલાઉ ઉતારાના સ્થળે ઉપસ્થિત થતા દાવાના કોઇ કારણની બાબતમાં તે બંને સ્થળે રહેતો હોવાનું ગણાશે.

**સ્પષ્ટીકરણ ૩.-** કોર્પોરેશન અથવા કંપની, ભારતમાંની તેની એકમાત્ર અથવા મુખ્ય કચેરીએ અથવા જયાં તેની તાબાની કચેરી પણ હોય તે સ્થળે ઉપસ્થિત થતા કોઇ દાવાના કારણના સંબંધમાં એવા સ્થળે ધંધો ચલાવે છે એમ ગણાશે.

**કોર્ટની નાણાકીય હકૂમતની મર્યાદા બહારની રકમના દાવા કોર્ટ સંમતિથી ચલાવી શકશે.**

૨૦. વિષય-વસ્તુની રકમ અથવા કિંમત રૂપિયા બે લાખથી વધારે ન હોય, તો સ્મોલ કોઝ કોર્ટ સાંભળી શકે તેવા દાવાના પક્ષકારોએ એવી લેખિત કબૂલાત કરી હોય કે સદરહુ દાવા ચલાવવાની સ્મોલ કોઝ કોર્ટને હકૂમત રહેશે ત્યારે સદરહુ દાવાની વિષય-વસ્તુની રકમ અથવા કિંમત રૂપિયા બે લાખથી વધારે હોય, તો પણ તેવો દાવો ચલાવવાની સ્મોલ કોઝ કોર્ટને હકૂમત રહેશે.

એવી દરેક કબૂલાત સ્મોલ કોઝ કોર્ટમાં ફાઇલ કરવી જોઇશે અને તેવી રીતે ફાઇલ કરવામાં આવ્યેથી તેના પક્ષકારો તે કોર્ટની હકૂમતને અધીન રહેશે અને તેવા દાવામાં તેનો ફેંસલો તેમને બંધનકર્તા રહેશે.

સ્મોલ કોઝ કોર્ટ સાંભળી શકે એવા બીજા કેસોમાં વાદી અમદાવાદ સીટી સિવીલ કોર્ટમાં દાવો માંડે ત્યારે ખર્ચ બાબત.

**૨૨.** જેને કલમ ૨૧ લાગુ પડતી હોય તેવા દાવા સિવાયનો, અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં માંડવામાં આવેલા કોઇ દાવામાં ઇન્સાફી કામ ચલાવનાર ન્યાયાધીશનો એવો અભિપ્રાય થાય કે તે દાવો સ્મોલ કોઝ કોર્ટમાં દાખલ કરવો જોઇતો હતો, તો-

(ક) xxx xxx xxx

(ખ) વાદી રૂપિયા બે લાખથી ઓછી રકમ અથવા કિંમતની કોઇપણ બાબત માટે હુકમનામું મેળવે, તો તેને કશું ખર્ચ આપવામાં આવશે નહિ.

રજામંદી વિના મિલકત કબજે રાખનાર વ્યકિત ઉપર સમન્સ.

**૪૧.** સ્મોઝ કોઝ કોર્ટની હકૂમતની સ્થાનિક હદની અંદર અને વધારેમાં વધારે ભાડા પ્રમાણે જેની વાર્ષિક કિંમત બે લાખ રૂપિયાથી વધારે ન હોય તેવી સ્થાવર મિલકતનો કબજો કોઇપણ વ્યકિતની પાસે અન્ય વ્યકિતના ભાડૂત તરીકે અથવા તેની રજામંદીથી, અથવા તે અન્ય વ્યકિત જેની મારફત દાવો કરતી હોય તે વ્યકિતના ભાડૂત તરીકે અથવા તેની રજામંદીથી હોય,

અને આવો ભાડૂત-હક પૂરો થયો હોય અથવા પરવાનગી પાછી ખેંચાઇ હોય,

અને તેવા ભાડૂતે અથવા ભોગવટો કરનારે અથવા તેના તરફથી કે તેણે નામે કરી આપવાથી તે મિલકત ધરાવનાર વ્યકિત (જેને આમાં હવે પછી ‘‘ભોગવટો કરનાર" કહી છે તે), અન્ય વ્યકિતએ આ અર્થે તેને કરેલ વિનંતિ સ્વીકારી તે મિલકત સોંપી દેવાની ના પાડે,

તો તે અન્ય વ્યકિત (જેને આમાં હવે પછી ‘‘અરજદાર" કહી છે તે) મિલકત સોંપી દેવાની તેને ફરજ કેમ ન પાડવી તેનું કારણ તેમાં નિયત કરેલ દિવસે દર્શાવવાનું

ભોગવટો કરનારને ફરમાવતો સમન્સ તેના પર કાઢવા માટે સ્મોલ કોઝ કોર્ટને અરજી કરી શકશે.

## પુરવણી

## <u>પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭ (સન ૧૮૮૭ના ૯મા)માંથી ઉતારા.</u>

**૧૫.** (૧) અને (૨) xxx xxx xxx — સ્મોલ કોઝ કોર્ટ દ્વારા દાવાની વિચારણા લેવા બાબત.

(૩) ઉપર્યુક્ત બાબતને અધીન રહીને, રાજ્ય સરકાર, લેખિતમાં હુકમ કરીને, આદેશ કરી શકશે કે દીવાની પ્રકારના જે દાવાઓનું મૂલ્ય દસ લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા તમામ દાવાઓ, હુકમમાં જણાવેલી સ્મોલ કોઝ કોર્ટ દ્વારા વિચારણામાં લઈ શકાશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૬. ]

અમદાવાદ શહેરને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રેસિડન્સિ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૨ અને ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ, ૧૮૮૭ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રદીપસિંહ જાડેજા,

ગૃહમંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના માર્ચ મહિનાની ૧૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE SMALL CAUSE COURTS LAWS (GUJARAT AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 6 OF 2020.**

***A BILL***

*further to amend the Presidency Small Cause Courts Act, 1882 in its application to the City of Ahmedabad and the Provincial small Cause Courts Act, 1887 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Small Cause Courts Laws (Gujarat Amendment) Act, 2020.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

**Amendment of section 18 of XV of 1882.**

**2.** In the Presidency Small Cause Courts Act, 1882, in its application to the City of Ahmedabad (hereinafter referred to as "the Presidency Small Cause Courts Act"), in section 18, for the words "ten lacs rupees" wherever they occur, the words "twenty-five lacs rupees" shall be substituted. **XV of 1882.**

**Amendment of section 20 of XV of 1882.**

**3**. In the Presidency Small Cause Courts Act, in section 20, for the words "ten lacs rupees" wherever they occur, the words "twenty-five lacs rupees" shall be substituted.

**Amendment of section 22 of XV of 1882.**

**4.** In the Presidency Small Cause Courts Act, in section 22, in clause (b), for the words "ten lacs rupees", the words "twenty-five lacs rupees" shall be substituted.

**Amendment of section 41 of XV of 1882.**

**5.** In the Presidency Small Cause Courts Act, in section 41, for the words "ten lacs rupees", the words "twenty-five lacs rupees" shall be substituted.

**Amendment of section 15 of IX of 1887.**

**6.** In the Provincial Small Cause Courts Act, 1887, in its application to the State of Gujarat, in section 15, in sub-section (3), for the words "ten lacs rupees", the words "twenty-five lacs rupees" shall be substituted. **IX of 1887.**

**Transfer of pending cases.**

**7.** All suits and applications of a civil nature wherein the subject matter exceeds in amount or value ten lacs rupees but does not exceed twenty-five lacs rupees pending in the Courts of City Civil, Ahmedabad or, as the case may be, in any district court immediately before the commencement of the Small Cause Courts Laws (Gujarat Amendment) Act, 2020 shall after such commencement, stand transferred to and be disposed of by the Judge, Court of Small Cause, Ahmedabad or, as the case may be, Judge, Small Cause Court, within the local limit of his ordinary jurisdiction. **Guj. ….of 2020.**

## STATEMENT OF OBJECTS AND REASONS

Under the existing provisions of the Presidency Small Cause Courts Act, 1882 and the Provincial Small Cause Courts Act, 1887, the pecuniary jurisdiction of the Small Cause Court is rupees ten lacs since 2015. The pecuniary jurisdiction of Civil Judge whose cadre is lower than that of the Judge of the Small Cause Court has been raised upto rupees twenty-five lacs in 2020. Considering this aspect and in view of the fall in the purchase value of the rupee and the substantial appreciation in value of immovable property in the recent time, it is considered necessary to raise such jurisdiction of the Small Cause Courts from ten lacs rupees to twenty-five lacs rupees. *Clauses 2, 3,4,5,6* and 7 of the Bill provide for the same.

This Bill seeks to amend both the said Acts to achieve the aforesaid object.

**PRADEEPSINH JADEJA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of legislative power in the following respect:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 19th March, 2020. **PRADEEPSINH JADEJA.**

*ANNEXURE*

**EXTRACT FROM THE PRESIDENCY SMALL CAUSE COURTS ACT, 1882.**

**(XV OF 1882)**

---

**Suits in which Court has jurisdiction.**

**18.** Subject to the exceptions in section 19, the Small Cause Court shall have jurisdiction to try all suits of a civil nature-

when the amount or value of the subject-matter does not exceed ten lacs rupees; and -

(a) the cause of action has arisen, either wholly or in part, within the local limits of the jurisdiction of the Small Cause Court, and the leave of the Court has, for reasons to be recorded by it in writing, been given before the institution of the suit; or

(b) all the defendants, at the time of the institution of me suit, actually and voluntarily reside, or carry on business or personally work for gain, within such local limits; or

(c) any of the defendants at the time of the institution of the suit, actually and voluntarily resides, or carries on business or personally works for gain, within such local limits, and either the leave of the Court has been given before the institution of the suit, or the defendants who do not reside, or carry on business, or personally work for gain, as aforesaid, acquiesce in such institution:

Provided that where the cause of action has arisen wholly within the local limits aforesaid, and the Court refuses to give leave for the institution of the suit, it shall record in writing its reasons for such refusal.

***Explanation I.-*** When in any suit the sum claimed is, by a set-off admitted by both parties, reduced to a balance not exceeding "ten lacs rupees", the Small Cause Court shall have jurisdiction to try such suit.

***Explanation II.-*** Where a person has a permanent dwelling at one place and also a lodging at another place for a temporary purpose only, he shall be deemed to reside at both places in respect of any cause of action arising at the place where he has such temporary lodging.

***Explanation III.-*** A Corporation or Company shall be deemed to carry on business at its sole or principal office in India, or, in respect of any cause of action arising at any place where it has also a subordinate office, at such place.

**Court may by consent try suits beyond pecuniary limits of jurisdiction.**

**20.** When the parties to a suit, which, if the amount or value of the subject-matter thereof did not exceed ten lacs rupees, would be cognizable by the Small Cause Court, have entered into an agreement in writing that the Small Cause Court, shall have jurisdiction to try such suit, the Court shall have jurisdiction to try the same, although the amount or value of the subject-matter thereof may exceed ten lacs rupees.

Every such agreement shall be filed in the Small Cause Court, and, when so filed, the parties to it shall be subject to the jurisdiction of the Court, and shall be bound by its decision in such suit.

**Costs when plaintiff sues in Ahmedabad City Civil Court in other cases cognizable by Small Cause Court.**

**22.** In any suit instituted in the Ahmedabad City Civil Court, other than a suit to which section 21 applies, if the Judge who tries it is of opinion that it ought to have been instituted in the Small Cause Court, then-

(a) XXX XXX XXX

(b) if the plaintiff obtains a decree for any matter of an amount or value less than ten lacs rupees no costs shall be allowed to the plaintiff.

**Summons against person occupying property without leave.**

**41.** When any person has had possession of any immovable property situate within the local limits of the Small Cause Court's jurisdiction and of which the annual value at a rack-rent does not exceed ten lacs rupees,

as the tenant, or by permission, or another person, or of some person through whom such other person claims, and such tenancy or permission has determined or been withdrawn,

and such tenant or occupier or any person holding under or by assignment from him (hereinafter called the occupant) refuses to deliver up such property in compliance with a request made to him in this behalf by such other person,

such other person (hereinafter called the applicant) may apply to the Small Causes Court for a summons against the occupant, calling upon him to show cause, on a day therein appointed, why he should not be compelled to deliver up the property.

## *ANNEXURE*

## EXTRACT FROM THE PROVINCIAL SMALL CAUSE COURTS ACT, 1887.

## (IX OF 1887)

---

**Cognizance of suits by Courts of Small Causes.**

**15.** (1) and (2) XXX XXX XXX

(3) Subject as aforesaid, the State Government may, by order in writing, direct that all suits of a civil nature of which the value does not exceed ten lacs rupees shall be cognizable by a Court of Small Causes mentioned in the order.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 6 OF 2020.**

***A BILL***

*further to amend the Presidency Small Cause Courts Act, 1882 in its application to the City of Ahmedabad and the Provincial small Cause Courts Act, 1887 in its application to the State of Gujarat.*

**[SHRI PRADEEPSINH JADEJA,**
**MINISTER OF STATE FOR LAW]**

**( As published in the Gujarat Government Gazette of the 19th March, 2020)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**